પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર–૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસનોટ

## ઓટોરિક્ષા નં.જીજે-૦૧-બી.ઝેડ-૫૨૦૯ માં ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ નંગ-૪૭ કિ.રૂ.૨૩૫૦૦/- ની મતાના વિદેશીદારુ સાથે કુલ્લે કિ.રૂ.૫૯૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન–૬ સા.શ્રી તેમજ ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન સા.શ્રી અમદાવાદશહેર નાઓએ પ્રોહિબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડના હે.કો.મહેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં.૩૭૬૮ તથા હે.કો.રશીદખાન સામંતખાન બ.નં.૫૫૪૮ તથા પો.કો.અસ્લમબેગ નશરુબેગ બ.નં.૫૪૨૩ તથા પો.કો.યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિહ બ.નં.૬૩૯૮ તથા અ.પો.કો.મોહંમદ ઈલિયાસ મોહંમદ સાદીક બ.ન.-૬૪૦૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા કલાક.૦૧/૧૫ વાગે નારોલ આકૃતિ ટાઉનશીપ પાસે આવતાં સાથેના હે.કો.મહેન્દ્રસિંહ બળવંતસિંહ તથા હે.કો.રશીદખાન સામંતખાન નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે “ નારોલ આમેના ટાઉનશીપની સામે આવેલ મોહસીનપાર્ક મ.નં.૧૩ પાસે એક ઈસમ કે જેણે શરિરે છીંકણી કલરનુ ગોળ ગળાનુ ટીશર્ટ તથા વાદળી કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તે ઓટોરિક્ષા નં.જીજે-૦૧-બી.ઝેડ-૫૨૦૯ માં કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુ ભરી લાવી સગેવગે કરે છે. “ જે બાતમી આધારે રેઈડ કરી આરોપી મોહંમદ સલીમ મોહંમદ ઈશાક જાતે અંસારી ઉ.વ.૩૯ ધંધો.રિક્ષા ડ્રાઈવીંગ રહે.મ.નં.૧૩ મોહસીનપાર્ક, જરીનાબીબીના મકાનમાં, આમેના ટાઉનશીપની સામે બાપુના ગલ્લાવાળી ગલી, નારોલ અમદાવાદ શહેરનાનો ઓટોરિક્ષા સાથે મળી આવતાં તેમાં જોતાં વિદેશીદારુ બોટલ નંગ-૪૭ કિ.રૂ.૨૩૫૦૦/- તથા મોબાઈલ ફોન –૦૧ કિ.રૂ.૫૦૦/– તથા ઓટોરિક્ષાની કિ.રૂ.૩૫૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૫૯૦૦૦/–ની મત્તાનો મુદ્દામાલ મળી આવતાં ઉપરોકત આરોપી તથા વિદેશીદારુનો જથ્થો આપનાર આયેશાબાનો સાજીદખાન પઠાણ રહે.મ.નં.૦૫ આબાદનગર સોસાયટી બાગેકૌશરની સામે નારોલ અમદાવાદ શહેરનાઓ વિરૂધ્ધ નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૨૬૩/૨૦૧૯ ધી પ્રોહીએકટ કલમ. ૬૫એ) (ઇ), ૬૬(૧) (બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી પ્રોહીબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.